જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૫/૨૦૧૭ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૧૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૨૭૮ લીટર દેશી દારૂ, ૪૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૦૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૧૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## બાળકી ત્યજી દેવા અંગેની ફરીયાદ :- સમાચાર યાદી નં.૯૧૭/૧૭

**મેઘાણીનગર** : તા.૨૪/૪/૧૭ રાતનાં ૯/૦૦ વાગ્યાનાં સુમારે આરોપણ બાઇ સપનાબેન અનીલભાઇ દોહરે (રહે, ગામ-ભાવપુરા જી.ઓરૈયા ઉત્તર પ્રદેશ) પોતાની બાળકી (ઉ.વ.૩) ને મેઘાણીનગર, પુષ્પાનગર (ભાર્ગવ રોડ) ખુલ્લા મેદાનમાં ત્યજી દઇ નાસી ગઇ હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે સપનાબેન વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી સાગરભાઇ હરીભાઇ ચલાવે છે.

## દુષ્પ્રેરણની ફરીયાદ :- સમાચાર યાદી નં.૯૧૮/૧૭

**સોલા હાઇકોર્ટ** : લલ્લેશકુમાર ગુમાંસિંગ રાઠોડ (ઉ.વ.૫૩)(રહે,લક્ષ્મી વિહાર મોહન ગાર્ડન ઉત્તમનગર પશ્ચીમ દીલ્હી) એ તા.૩૦/૪/૧૭ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે બે વર્ષનાં લગ્નગાળામાં લગ્નનાં બે મહિના બાદથી તા.૨૮/૪/૧૭ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧)પતિ- યોગેંદ્ર નરેંદ્રસિંગ રાઠોડ (૨) સસરા- નરેંદ્રસિંગ હરદયાલ રાઠોડ (૩) સાસુ – પ્રેમાબેન નરેંદ્રસિંગ રાઠોડ (૪) દિયર– શીવમ નરેંદ્રસિંગ રાઠોડ (૫) દિયર- સત્યમ નરેંદ્રસિંગ રાઠોડ (તમામ રહે, કૃષ્ણનગર સોસાયટી, જગતપુર રોડ, ચાંદ્લોડીયા સોલા) ભેગામલી લલ્લેશકુમારની દિકરી જ્યોતીબહેન યોગેન્દ્રસિંગ રાઠોડ(ઉ.વ.૨૨) ને દહેજ બાબતે શારીરીક અને માનશીક ત્રાસ આપતાં, કંટાળી જઇ જ્યોતીબહેને તા.૨૮/૪/૧૭ રાતનાં ૧૦/૧૫ થી ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાની સાસરીનાં ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.રાજપુત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સોનાની ચેઇન ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૯૧૯/૧૭**

**કૃષ્ણનગર** : રાધાબેન વા/ઓ સંદિપભાઈ શર્મા (રહે.અંકુર ટેનામેંટ વી.આઈ.પી.સ્કુલ પાસે નિકોલ) તા.૩૦/૪/૧૭ રાતનાં ૮/૪૫ વાગ્યાના સુમારે ઠક્કરબાપાનગર, કલાસાગર કોમ્પ્લેક્ષની સામે મેઈન રોડ પરથી તેમનાં ભાઇનાં મોટર સાયકલ ઉપર પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રાધાબેનનાં ગળામાંથી સોનાનું મંગળસુત્ર, સોનાની પેડલ સાથેની ચેઇન મળી કુલ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રાધાબેન શર્માએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૯૨૦/૧૭**

**વસ્ત્રાપુર** : મનોજભાઇ અંગતભાઇ રાઠોડ (રહે,ચંન્દ્રલોક સોસાયટી, રાણીપ) એ તા.૩૦/૪/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૪/૧૭ રાતના ૮/૦૦ થી તા.૧૪/૦૪/૧૭ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાની મેમનગર બાલાજી સેંન્ટર ગુરૂકુળ ખાતે આવેલ શિવશકતિ પેન્ટ એન્ડ હાર્ડવેર નામની કલરની દુકાનનાં શટરનું એક બાજુનું તાળુ તોડી, શટર ઉંચુ કરી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનનાં કેસ કાંન્ટર ડ્રોઅર તથા કેબીનની અંદરનુ ડ્રોઅરનું લોક તોડી, ડ્રોઅરમાંથી આશરે રોકડા રૂપીયા ૧,૭૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જેસિંગભાઇ હમીરભાઇ ચલાવે છે.

**ગાડીનો કાચ તોડી ચોરી :-** **સમાચાર યાદી નં.૯૨૧/૧૭**

**એલીસબ્રીજ** : આર્જવ રાજેશભાઇ દવે (ઉ.વ.૩૦)(રહે,શારદા સોસાયટી, ભીમનાથ માહદેવ રોડ પાલડી) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૪/૧૭ રાતના ૯/૩૦ થી ૧૦/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન જોયાલુક્કાસ શો-રૂમની બાજુમાં પરીમલ ગાર્ડન AMTS સ્ટોપની પાસે રોડ ઉપર પાર્ક કરેલ પોતાની કારનો કાચ તોડી, કારમાંથી એપલ કંપનીનું લેપટોપ અને મોટોરોલા કંપનીનો મોબાઇલ ફોન મળી કુલ રૂપિયા ૭૪,૦૦૦/- મતા મુકેલ બેગની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી ડી વસાવા ચલાવે છે.

**નરોડા** : રાહુલ રાધેશ્યામ આસુદાની (રહે.સાન્તનુ બંલોઝ સતલુજ હોટલની પાછળ નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૪/૧૭ રાતના ૮/૫૦ થી ૯/૧૦ સુધીનાં સમયગાળા દરમ્યાન નરોડા બેઠક પાસે આવેલ લીલીવાડી કાઠીયાવાડી રેસ્ટોરેન્ટ આગળ પાર્ક કરેલ પોતાની કારનો પાછળનો કાચ તોડી, કારમાંથી દવાખાનાનાં સામાનવાળી સેરેટી તથા પુલ કંપનીનું લેપટોપ તથા હાર્ડ ડીસ્ક કુલ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- મતાની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ડી.પરમાર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૨૨/૧૭**

**નિકોલ** : અમરતભાઇ ધનાભાઇ કમાલીયા (ઉ.વ.૪૦)(રહે,સુરભી રેસીડન્સી નિકોલ ગામ) એ પોતાની આર્થીક સ્થીતી નબળી હોવાને કારણે તા.૨૯/૪/૧૭ રાતના ૮/૪૫ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે ધાબાના હુકમા પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એન.ચાવડા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)